**ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી- ૨૦૧૨ અંતર્ગત જાહેર થયેલ પ્રોત્સાહન યોજનાના ઠરાવ અંતર્ગત વારંવાર પૂછાતા પ્રશ્નો અને તેની સ્પષ્ટતા (FAQs)**

| ક્રમ. | પ્રશ્નો | સ્પષ્ટતા |
|---|---|---|
| ૧ | ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી-૨૦૧૨ ની યોજનાનાં અમલનો સમયગાળો કેટલો છે? | ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી-૨૦૧૨ તા. ૫.૯.૨૦૧૨ ના રોજ પાંચ વર્ષ માટે જાહેર કરવામાં આવેલ છે. |
| ૨ | ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી-૨૦૧૨ હેઠળ વ્યાજ સહાય બાબતે કઇ-કઇ પ્રવૃતિઓ આવરી લેવામાં આવી છે? | યોજના હેઠળ નીચે મુજબની પ્રવૃતિઓ આવરી લેવામાં આવી છે.<br>**1)** જીનીંગ અને પ્રેસીંગ<br>**2)** કોટન સ્પીનીંગ<br>**3)** વીવીંગ<br>**4)** ડાઇંગ અને પ્રોસેસીંગ<br>**5)** નીટીંગ/ગારમેન્ટસ/મેઇડ અપ્સ<br>**6)** મશીન કારપેટીંગ<br>**7)** મશીન એમ્બ્રોઇડરી તેમજ સમગ્ર મૂલ્યલક્ષી સાંકળની અન્ય પ્રવૃતિઓ/પ્રક્રિયાઓ જેવી કે ક્રીમ્પીંગ, ટેક્ષ્ટરાઇઝીંગ, ટ્વીસ્ટીંગ, વાઇડીંગ, સાઇઝીંગ વગેરે.<br>**8)** જીનીંગથી લઇ ને ગારમેન્ટ્સ/મેઇડ-અપ્સ સુધીની બધીજ પ્રવુતિઓ નો સમાવેશ થઇ જાય છે.<br>**9)** ટેકનીકલ ટેક્ષટાઇલ |
| ૩ | આ ઠરાવ હેઠળ ઔદ્યોગિક એકમોને કયાં લાભ આપવામાં આવ્યા છે? | • કોટન સ્પીનીંગ અને ગારમેન્ટ/મેઇડ-અપ્સ એકમોને પ્રોત્સાહન સ્વરૂપે વાર્ષિક ૭% વ્યાજ સહાય, ટેકનીકલ ટેક્ષટાઇલ ક્ષેત્રના એકમોને વાર્ષિક ૬% વ્યાજ સહાય અને તે સિવાય ની અન્ય પ્રવુતિઓ ને વાર્ષિક ૫ % વ્યાજ સહાય પાંચ વર્ષ માટે મળવાપાત્ર છે.<br>• કોટન સ્પીનીંગ અને વીવીંગ એકમોને પાવર ટેરીફ રૂ. ૧ પ્રતિ યુનીટ નો લાભ મળવાપાત્ર છે.<br>• વેટ કન્શેશનનો લાભ.<br>• ઊર્જા સંરક્ષણ, પાણી સંરક્ષણ અને પર્યાવરણનું અનુપાલન માટે ત્રણ વર્ષથી વધુ સમયના |

| | | |
|---|---|---|
| | | હયાત એકમોને ખર્ચના ૫૦% સુધી, વધુમાં વધુ રૂ! ૫૦,૦૦૦/- ની મર્યાદામાં સહાય.<br>• ટેકનોલોજી સંપાદન અને ઉચ્ચતમ ધોરણ પ્રાપ્ત કરવા માટે થતાં ખર્ચના ૫૦% સુધી, વધુમાં વધુ રૂ! પચીસ લાખની સહાય.<br>• એપરલ તાલીમ કેન્દ્ર /તાલીમ સંસ્થા સ્થાપવા માટે સહાય.<br>• એપરલ તાલીમ કેન્દ્ર અને સંસ્થાના તાલીમાર્થીઓને ફીમાં ૫૦ % ના ધોરણે સહાય.<br>• પાવરલુમ ક્ષેત્રને તાલીમ સહાય.<br>• ટેક્ષટાઇલ અને એપરલ પાર્ક સ્થાપિત કરવા સહાય |
| ૪ | પાવરટેરીફ કન્શેશનનો લાભ કોને મળવાપાત્ર છે? | પાવરટેરીફ કન્શેશનનો લાભ કોટન સ્પીનીંગ અને વીવીંગ એકમોને મળવાપાત્ર છે. પાવરટેરીફ કન્શેશનનો લાભ નવા એકમ તેમજ, હયાત એકમનું વિસ્તૃતીકરણ/વૈવિધ્યકરણ કરતા એકમને મળવાપાત્ર છે. આધુનિકરણ કરતા એકમોને મળવાપાત્ર નથી. |
| ૫ | વેટ નો લાભ કોને મળવા પાત્ર છે? | • કોટન ટુ ગારમેન્ટની સમગ્ર વેલ્યુ ચેઇનના ઉત્પાદનમાં થતા અંતિમ પ્રોડક્ટ ના વેચાણ ઉપર, ઉપરાંત અમુક કિસ્સામાં ઇન્ટરમીડીએટ પ્રોડક્ટ ના વેચાણ ઉપર વેટનો લાભ મળવા પાત્ર છે.<br>• ટેકનીકલ ટેક્ષટાઇલ ક્ષેત્રના એકમો ને વેટનો લાભ મળવાપાત્ર છે. |
| ૬ | સ્વ-મુડીરોકાણ થી સ્થપાયેલ એકમને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર છે કે કેમ ? | સ્વ-મુડીરોકાણ કરતાં એકમો ને વેટ કન્શેશન ના લાભ મળવાપાત્ર નથી. |
| ૭ | MSME યોજના અંતર્ગત વ્યાજ સહાય મેળવેલ એકમો આ નિતી અંતર્ગત અન્ય લાભ મેળવી શકે કે કેમ? | હા, વ્યાજ સહાય સિવાય પાત્રતા અનુસાર અન્ય લાભ મેળવી શકે છે. |
| ૮ | ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી-૨૦૧૨ જાહેર થયા પછી સ્થપાયેલ એકમને નિતી અંતર્ગત લાભ મેળવ્યા બાદ વિસ્તૃતીકરણ/ વૈવિધ્યકરણ/ આધુનિકરણ નો લાભ મેળવવા પાત્રતા ધરાવે છે કે કેમ? | હા, વિસ્તૃતીકરણ, વૈવિધ્યકરણ કે આધુનિકરણ પૈકી કોઇ એક લાભ મેળવવા પાત્રતા ધરાવે છે. |

| | | |
|---|---|---|
| ૯ | વિસ્તૃતીકરણ/વૈવિધ્યકરણ/આધુનિકરણ ક્યારથી ગણવું? | આ યોજના ના સમયગાળામાં વિસ્તૃતીકરણ /વૈવિધ્યકરણ / આધુનિકરણ કરતાં એકમે સમયગાળો નક્કી કરવાનો રહેશે અને જણાવવાનો રહે છે. |
| ૧૦ | વિવિંગ માં કોટન સાથે બ્લેન્ડીંગ કરતા એકમ ને પાવર ટેરીફ નો લાભ મળવાપાત્ર છે? | હા. કોટન સાથે બ્લેન્ડીંગ કરતા એકમને આ યોજનાનાં ઠરાવની જોગવાઇ અનુસાર પાત્રતા ધરાવતા હોય તો લાભ મળવાપાત્ર છે. પરંતુ ૧૦૦ % મેન મેડ ફાઇબર અને આર્ટ સીલ્ક ફેબ્રીક્સને લાભ મળવાપાત્ર નથી. |
| ૧૧ | ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી – ૨૦૧૨ અંતર્ગત પાત્રતા ધરાવતા એકમોને વ્યાજ સહાયની મહત્તમ ટોચ મર્યાદા કેટલી રાખવામાં આવેલ છે? | ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી – ૨૦૧૨ અંતર્ગત પાત્રતા ધરાવતા એકમોને વ્યાજ સહાયની મહત્તમ ટોચ મર્યાદા રાખવામાં આવેલ નથી. |
| ૧૨ | કેપ્ટીવ પાવર પ્લાન્ટમાંથી પાવર મેળવનાર એકમ ને વિજ રાહત નો લાભ મળે ? | ના. કેપ્ટીવ પાવર પ્લાન્ટ માંથી પાવર મેળવનાર એકમ ને વિજ રાહત નો લાભ મળવાપાત્ર નથી. |
| ૧૩ | ટેકનીકલ ટેક્ષટાઇલ યોજના હેઠળ એકમે ટેક્ષટાઇલ કમિશનરની ઓફિસમાં નોંધણી કરાવવી ફરજીયાત છે? | ના, કારણ કે, ટેકનીકલ ટેક્ષટાઇલનાં ઉત્પાદન માટેની સહાય યોજના ફક્ત TUF હેઠળની મશીનરીની યાદી આધારે આપવાની છે. પરંતુ નોંધણી મેળવેલ હોય તો તે વિશેષ આધાર ગણી શકાય. |
| ૧૪ | TUF અનુસાર માન્ય મશીનરી ની યાદી ક્યા ઉપલબ્ધ હશે? | TUF અનુસાર માન્ય મશીનરી ની યાદી વસ્ત્રમંત્રાલય ભારત સરકારની વેબસાઇટ www.txcindia.gov.in ઉપર ઉપલબ્ધ છે. |
| ૧૫ | આ યોજના અંતર્ગત મળનાર લાભો ભારત સરકાર તરફથી મળતા લાભ, જેમ કે, TUF યોજના ઉપરાંતના છે? | હા, એકમ ભારત સરકાર ની TUF યોજના હેઠળ લાભ મેળવે તે ઉપરાંત આ યોજનાનો લાભ મેળવી શકે છે. |
| ૧૬ | કાપડઉદ્યોગની કઇ પ્રવૃતિ આ નિતિ હેઠળ લાભ લેવા પાત્રતા ધરાવતી નથી? | સિન્થેટીક ફીલામેન્ટ યાર્નનું ઉત્પાદન (માનવ નિર્મિત રેસાનું) આ નિતિ હેઠળ પાત્રતા ધરાવતી નથી. |
| ૧૭ | વેટ માફી મશીનરી અને એસેસરીઝ માટે પણ ઉપલબ્ધ છે? | ના, વેટ કન્શેશન મશીનરી અને સાધનોની ખરીદી ઉપર લાગુ પડતી નથી. |
| ૧૮ | ટેકનોલોજી સંપાદન/ઉચ્ચત્તમ ધોરણ માટે પોલીસી અંતર્ગત કયા માપદંડ નક્કી કરવામાં આવ્યા છે? | • ભારતમાં સૌ પ્રથમ વિશેષતાપાત્ર રજૂઆત માટે ટેકનોલોજી સંપાદન કરનાર ઉદ્યોગ સાહસને યોજના અન્વયે પાત્ર ગણવામાં આવશે.<br>• ટેકનોલોજી સંપાદન, નિષ્ણાતો/સંશોધન અને વિકાસ સંસ્થા અને/અથવા ટેકનિકલ પરામર્શક |

| | | |
|---|---|---|
| | | ફર્મ (પેઢી) મારફત ચિત્રાંકન અને ડિઝાઇન (આલેખન) અને ટેકનોલોજી વિકાસ સહિત કોઇપણ સ્વરૂપમાં હોઇ શકે. |
| ૧૯ | ટેકનોલોજી સંપાદન હેઠળ એકમ યોજનાનાં અમલીકરણ દરમ્યાન અલગ ઉત્પાદન અને પ્રક્રિયા માટે લાભ મેળવી શકે છે? | ટેકનોલોજી સંપાદન કરનાર ઉદ્યોગ સાહસોને યોજનાના અમલીકરણ સમયગાળા દરમિયાન એક જ વખત પ્રક્રિયા/ઉત્પાદન દીઠ મૂડી રોકાણના ૫૦% સુધી ટેકનોલોજી સંપાદન/સહયોગ માટે મહત્તમ રૂ.૨૫ લાખ નાણાકીય સહાય મળવાપાત્ર છે. |
| ૨૦ | એનર્જીઓડીટ/વોટરઓડીટ/પર્યાવરણનું અનુપાલન માટે કેટલી સહાય આપવામાં આવે છે? | એનર્જી ઓડીટ/વોટર ઓડીટ/પર્યાવરણનું અનુપાલન માટે ખર્ચના ૫૦% લેખે વધુમાં વધુ રૂ! ૫૦,૦૦૦/-ની સહાય અને સાધનોની ખરીદ કિંમતના ૨૦% લેખે વધુમાં વધુ રૂ! ૨૦ લાખની મર્યાદામાં સહાય જાહેર કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત એકમ યોજનાનાં સમયગાળા દરમ્યાન બે વર્ષમાં એકવાર લાભ લઇ શકશે. |
| ૨૧ | ટેક્ષટાઇલ અને એપરલ પાર્ક માટે કઇ-કઇ સહાય યોજના જાહેર કરવામાં આવેલ છે? | ટેક્ષટાઇલ પાર્ક માટે જમીન કિંમત સિવાયની સામૂહિક સવલતો માટેની કુલ પરિયોજનાનાં ૫૦% લેખે વધુમાં વધુ રૂ! ૧૦ કરોડની મર્યાદામાં અને જ્યારે સ્પીનીંગ પાર્ક માટે મહત્તમ રૂ! ૩૦ કરોડની મર્યાદામાં નાણાંકીય સહાય આપી શકાશે. વધુમાં પાર્કના ડેવલોપરને અને પાર્કમાં આવનાર એકમના પ્રથમ ખરીદનાર ને જમીન ખરીદીમાં સ્ટેમ્પ ડ્યુટી માં રાહત આપવાની જોગવાઇ છે. |
| ૨૨ | સ્પીનીંગ પાર્ક સિવાય ના ટેક્ષટાઇલ અને એપરલ પાર્ક માટે ઓછામાં ઓછી કેટલી જમીન ની જરૂરીયાત રાખવામાં આવેલ છે? | સ્પીનીંગ પાર્ક સિવાય ના ટેક્ષટાઇલ અને એપરલ પાર્ક માટે જમીન ની લઘુતમ જરૂરીયાત અંગે કોઇ જોગવાઇ રાખવામાં આવી નથી. પરંતુ પાર્કમાં ઓછામાં ઓછા ૨૦ ઉત્પાદકો સેવા ઉદ્યોગ-સાહસને સમાવવાની જોગવાઇ છે.(સેવા ઉધોગ મહતમ ૨૫% રાખી શકાશે.) |
| ૨૩ | સ્પીનીંગ પાર્કની જોગવાઇ અનુસાર ૩૫% જમીન વીવીંગ પ્રવૃતિ માટેની જોગવાઇની સ્પષ્ટતા કરો. | સ્પીનીંગ પાર્ક કરવા માટે ઓછામાં ઓછી ૧૫૦ એકર જમીન ની જોગવાઇ કરવામાં આવેલ છે. વિકાસકાર જમીનનો પૂરેપૂરો ઉપયોગ સ્પીનીંગ પ્રવૃતિ માટે કરી શકે છે તેમજ તે પૈકીની ૩૫% સુધીની જમીનનો ઉપયોગ વીવીંગ પ્રવૃતિ માટે આયોજન કરી શકે છે. |

| | | |
|---|---|---|
| ૨૪ | ટેક્ષટાઇલ અને એપરલ પાર્કની અંદર સ્થાપિત થતા એકમો લાભ લેવા પાત્રતા ધરાવે છે કે કેમ? | ટેક્ષટાઇલ અને એપરલ પાર્કની અંદર સ્થાપિત થતાં ઔધોગિક એકમોને સદર ઠરાવ ની જોગવાઇ અને પાત્રતા મુજબ સહાય મળી શકશે. |
| ૨૫ | આ યોજના અંતર્ગત સહાય મેળવવા અરજી ફોર્મ કેવી રીતે મેળવી શકાય અને અરજી ક્યાં જમા કરાવવાની રહેશે? | આ યોજના અંતર્ગત સહાય મેળવવા માટેના અરજી ફોર્મ અત્રેની કચેરી ની વેબસાઇટ www.ic.gujarat.gov.in ઉપર અલગ અલગ યોજના અનુસાર જરૂરી ચેકલીસ્ટ સાથે ઉપલબ્ધ છે. નિયત નમુનામાં અરજી સાથે ચેકલીસ્ટ માં દર્શાવ્યા મુજબ ના જરૂરી દસ્તાવેજ ના બિડાણ સહિત બે નકલ માં જે તે જિલ્લાનાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં અરજી કરવાની રહેશે. |
| ૨૬ | આ યોજના અંતર્ગત વ્યાજ સહાય મેળવવા માટે કેટલા સમય માં અરજી કરવાની રહે છે? | ઔધોગિક એકમે ધિરાણ નાં પ્રથમ હપ્તાથી અથવા ઉત્પાદનમાં ગયા તરત પહેલાનાં, ધિરાણ નાં હપ્તાથી એક વર્ષમાં અરજી કરવાની રહેશે. |
| ૨૭ | એકમ ની અરજીઓ મંજૂર થયેથી સહાય ની રકમ ની ચુકવણી કઇ રીતે કરવામાં આવશે? | સક્ષમ અધિકારી દ્વારા એકમ ની સ્થળ તપાસ કરાવી, એકમે રજૂ કરેલ વિગત, વ્યાજ સહાય દાવા તપાસી, ઠરાવની જોગવાઇ ને ધ્યાને લઇ મળવાપાત્ર સહાય ની રકમ ચુકવવામાં આવશે. |
| ૨૮ | નવાં એકમ તરીકે વીજકર માફી મેળવેલ હોય તેવા એકમને પાવરટેરીફ સહાય મળવા પાત્ર છે? | હા. પાવરટેરીફ સહાય મળવા પાત્ર છે. |
| ૨૯ | ફોરેન કરન્સી લોન પર વ્યાજ સહાય મળવાપાત્ર થાય કે કેમ? | ફોરેન કરન્સીમાં મેળવેલ લોનના વ્યાજનો દર ધ્યાને લઇ કેન્દ્ર સરકારની વ્યાજ સહાય નો દર બાદ કરતાં બાકી રહેતા વ્યાજદર માટે રાજ્ય સરકારની વ્યાજ સહાય મળવાપાત્ર રહેશે.<br>ઉ.દા. ધારો કે એક એકમે ફોરેન કરન્સી લોન ૭ % વ્યાજે મેળવેલ છે આ એકમને ભારત સરકાર તરફથી ૫ % ની વ્યાજ સહાય મળવાપાત્ર હોય તો ગુજરાત સરકાર ની યોજના હેઠળ ફક્ત ૨ % વ્યાજ સહાય મળવાપાત્ર રહેશે. |
| 30 | નવી ઔદ્યોગિક નીતિ-૨૦૦૯ અંતર્ગત આ ઠરાવ જાહેર થયા પહેલાં જે એકમે ઉત્પાદનમાં ગયેલા છે તેમને બાકીના સમયગાળા માટે કેપ વગરની વ્યાજ સહાય મળવાપાત્ર છે. | ના, આ ઠરાવ જાહેર થયા પહેલાં જે એકમો ઉત્પાદનમાં ગયેલા છે તેમને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર નથી. |
| ૩૧ | આ ઠરાવ જાહેર થતાં પહેલાં ટર્મલોન મંજૂર કરાવેલ હોય અને રોકાણ કરેલ હોય અને ૫/૯/૨૦૧૨ પછી ઉત્પાદનમાં જાય તો લાભ મળવાપાત્ર થાય કે કેમ? | મંજૂર થયેલ ટર્મલોન સામે ભોગવેલ ટર્મલોન ઉપર વ્યાજ સહાય મળવાપાત્ર થાય. |

| | | |
|---|---|---|
| ૩૨ | નવી જીનીંગ એકમ સાથે ઓઇલ મીલનું યુનીટ હોય તો જીનીંગ એકમના ઉત્પાદન ઉપર વેટ કન્સેશનનો લાભ મળે? | હા<br>ફકરા ૩.૦ મુજબ<br>પ્લાન્ટ અને મશીનરીનાં માન્ય મૂડી રોકાણ માટે રાજ્ય કક્ષાની સમિતી માં મંજૂરી મળ્યા બાદ ઉદ્યોગ કમિશ્નરની કચેરી દ્વારા જે એકમને જેટલી રકમ માટે એલીજીબીલીટી સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવે તે જીનીંગ એકમને તેટલી રકમ માટે વેટ કન્સેશનનો લાભ મળે. |
| ૩૩ | ચાલુ જીનીંગ તથા ઓઇલ મીલ હોય તેવું એકમ જીનીંગ મશીનરીમાં એક્સ્પાન્સન કરે તો તેના રોકાણ ઉપર વ્યાજ સહાય અને વેટ કન્સેશનનો લાભ મળે? | હા<br>ફકરા ૫.૩ (iv) મુજબ પરંતુ ૪.૩ મુજબ વિસ્તૃતિકરણની શરત સંતોષાતી હોય તો એટલે કે જીનીંગ મીલમાં પ્લાન્ટ અને મશીનરીમાં જે મૂળ મૂડીરોકાણ હોય તેના પર ૫૦% કે તેથી વધુ પ્લાન્ટ અને મશીનરીમાં મૂડીરોકાણ કરે તો લાભ મળવા પાત્ર થાય.<br>પ્લાન્ટ અને મશીનરીનાં માન્ય મૂડી રોકાણ માટે રાજ્ય કક્ષાની સમિતી માં મંજૂરી મળ્યા બાદ ઉદ્યોગ કમિશ્નરની કચેરી દ્વારા જે એકમને જેટલી રકમ માટે એલીજીબીલીટી સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવે તે એકમને તેટલી રકમ માટે વેટ કન્સેશનનો લાભ મળે. |
| ૩૪ | ચાલુ જીનીંગ એકમ તમામ મશીનરી કાઢી નાખી નવી મશીનરી લાવે (તમામ મશીનરી રીપ્લેસ થાય) તો તેવા એકમને વ્યાજ સહાય અને વેટ કન્શેશનનો લાભ એક્સ્પાન્સન કે મોર્ડનાઇઝેશન તરીકે મળે. | ફકત મશીનરી રીપ્લેસમેન્ટ માટે લાભ મળવાપાત્ર નથી. પરંતુ હયાત મશીનરી કાઢી, નવી અપગ્રેડેડ ટેકનોલોજી વાળી (TUF માં નિર્દીષ્ટ) મશીનરી સ્થાપિત કરે તો ફકરા ૪.૪ ની જોગવાઇને આધીન રાજ્ય કક્ષાની સમિતી માં મંજૂરી મળ્યા બાદ પ્લાન્ટ અને મશીનરીમાં થયેલ માન્ય મુડી રોકાણ માટે વેટ કન્સેશનનો લાભ મળે. |
| ૩૫ | ચાલુ ઓઇલ મીલ તેની ઉત્પાદન પ્રવુતિ ડાયવર્ડ કરી, ઓઇલમીલની મશીનરી દુર કરી ઓઇલ મીલનો ધંધો બંધ કરી તે જગ્યાએ જીનીંગ મશીનરી લાવી ધંધો કરે તો તેને રોકાણ ઉપર નવા એકમ તરીકે કે ડાઇવર્સીફીકેશન તરીકે લાભ મળે? | જીનીંગને ફકરા ૪.૧ ની જોગવાઇને આધીન નવી મશીનરી વસાવે તો નવા એકમ તરીકે લાભ મળે. રાજ્ય કક્ષાની સમિતી માં મંજૂરી મળ્યા બાદ ઉદ્યોગ કમિશ્નરની કચેરી દ્વારા જે એકમને એલીજીબીલીટી સર્ટીફીકેટ આપવામાં આવે તેટલા માન્ય મુડી રોકાણ માટે એકમને વેટ કન્સેશનનો લાભ મળે. |
| ૩૬ | જીનીંગ અને સ્પીનીંગ ધરાવતું (મલ્ટી પ્રોડક્ટ) એકમ જીનીંગ ઇન્ડસ્ટ્રીઝથી ઉત્પાદન ગાંસડી અને | ગાંસડી અને કપાસીયા માટે કલમ-૪૧ હેઠળ વેચાણ પરના વેરાનું રેમીશન મળે. |

| | | |
|---|---|---|
| | કપાસીયાનું વેચાણ કરે અને સ્પિનીંગના યાર્નની સારી ક્વોલીટીના ઉત્પાદન માટે તમામ રૂ ગાંસડી બજારમાંથી ખરીદે આવા વ્યવહાર લાભના ઉપયોગ માટે માન્ય ગણાશે? | કલમ-૪૦ના નોટીફીકેશનનો કલોઝ-(૧) મુજબ રો-કોટન ની ખરીદી બજારમાંથી કરે તો તેના પરના વેરાનું રીફંડ મળે. આવા સંજોગોમાં જીનીંગ અને સ્પીનીંગ માટે અલગ મુડી રોકાણ દર્શાવી એલીજીબીલીટી સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવશે. |
| ૩૭ | જો સ્પીનીંગ એકમ માટે લોન સેકશન થઇ ગઇ હોઇ અને ડીસબર્સમેન્ટ શરૂ થયેલ હોય પરંતુ ઉત્પાદન માં જવાનો સમય બાકી હોય તો, એકમ કેપેસેટી વધારે અથવા બેકવર્ડ/ ફોરવર્ડ ઇન્ટીગ્રેશન માટે પ્રોજેક્ટ રીવાઇઝ કરાવે તો લાભ મળે કે કેમ ? | હા<br>ફકરા ૫.૨.૨ અનુસાર<br>• વાણિજ્યીક ઉત્પાદનમાં ગયા પહેલા પ્રોજેક્ટ રીવાઇઝ કરાવે તો સંપૂર્ણ રીવાઇઝ પ્રોજેક્ટ પર લાભ મળે.<br>• ઉત્પાદનમાં ગયા બાદ વધારાની લોન સેન્કશન કરાવે તો વધારાનું મૂડીરોકાણ ગણાય અથવા વિસ્તુતિકરણ ગણાય. |
| ૩૮ | એકમ સ્થાપવા માટે જે બેંક માંથી ટર્મલોન મંજુર કરાવેલ હોય તેજ ટર્મલોન એકાઉન્ટમાંથી પ્લાંટ અને મશીનરી નું ચુકવણું કરવુ જરૂરી છે? | ટર્મલોન જેટલી મંજુર થઇ હોય  અને ટર્મલોનની મર્યાદામાં જેટલું પેમેન્ટ કર્યુ હોય તેટલું મૂડી રોકાણ વ્યાજ સહાય માટે માન્ય ગણાય.<br>1. વેટ માટે નવી મશીનરીનું પૂરેપુરૂ મૂડીરોકાણ ધ્યાને લેવાશે.<br>2. વ્યાજ સહાય માટે ટર્મ લોનમાંથી મશીનરી માટે થયેલ ટર્મ લોનનું ડીસબર્સમેન્ટ ધ્યાને લેવાશે. |
| ૩૯ | મશીનરી બેંક ટર્મ લોનમાં આવરી લીધેલ હોય પણ બેંકમાં લોન સેન્કશન થાય તે પહેલાં ડીસ્પેઝમેન્ટ વિના પહેલાં ખરીદી હોય (ડીલીવરી લીધી હોય) તો લાભ મેળવવા પાત્ર થાય કે કેમ? | મશીનરી ખરીદ કર્યા પહેલા બેંકમાં લોન માટે અરજી કરી હોય તથા લોન અરજી બેંકમાં મંજુરી માટે પડતર હોય અને લોન મંજુરી પહેલાં મશીનરી ખરીદી કરે તે કિસ્સામાં મશીનરી માટે કરેલ ચુકવણી માન્ય ગણાય.<br><br>રાજ્ય કક્ષાની સમિતી માં મંજૂરી મળ્યા બાદ ઉદ્યોગ કમિશ્નરની કચેરી દ્વારા જે એકમને જેટલી રકમ માટે એલીજીબીલીટી સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવે તે એકમને તેટલી રકમ માટે  વેટ કન્સેશનનો લાભ મળે. |
| ૪૦ | ચાલુ એકમ તેજ નામથી તેની હાલની જે જ્ગ્યા હોય તેના સિવાય ગુજરાતના અન્ય કોઇ જિલ્લા કે તાલુકામાં શહેર ગામમાં અન્ય યુનીટ બનાવે તો તે યુનીટ-૨ તરીકે નવા એકમ તરીકે ગણાશે કે એક્સપાન્સન ગણાશે. | વિસ્તુતિકરણ ની શરત સંતોષે તો ચાલુ એકમ ને નવી જ્ગ્યાએ નવા યુનીટ તરીકે લાભ મળે. |

| | | |
|---|---|---|
| ૪૧ | કોઇપણ એકમ એજ નામે પોલીસીમાં સમાવેશ થઇ બે ઇન્ડસ્ટ્રીઝ અલગ અલગ સ્થળે બનાવે તો બન્નેના રોકાણ ઉપરનો લાભ સંયુકત કે અલગ અલગ મળે? | કલમ-૪૦ હેઠળના નોટીફીકેશનના કલોઝ-(૫) મુજબ નીચેની શરતો મુજબ અલગ-અલગ મળે.<br>૧) એક રજીસ્ટ્રેશન નંબર હોય તો જુદા જુદા સ્થળ માટે હિસાબી સાહિત્ય જુદુ.<br>૨) જો બન્ને સ્થળો માટે એલીજીબીલીટી સર્ટિફિકેટ અલગ હોય તો રજી. નંબર અને હિસાબી સાહિત્ય જુદા.<br><br>રાજ્ય કક્ષાની સમિતી માં મંજૂરી મળ્યા બાદ ઉદ્યોગ કમિશ્નરની કચેરી દ્વારા જે એકમને જેટલી રકમ માટે એલીજીબીલીટી સર્ટીફીકેટ આપે તે એકમને તેટલી રકમ માટે વેટ કન્સેશનનો લાભ મળે. |
| ૪૨ | એલીજીબલ ફીકસ્ડ કેપીટલમાં પ્લાંટ અને મશીનરી ઉપરાંત ક્યા ક્યા ખર્ચનો સમાવેશ થાય? | વેટ કાયદા હેઠળ વેબ્રીઝ, ટ્રેક્ટર, લોડર નો સમાવેશ મશીનરીમાં થતો નથી<br>પરંતુ ટફ યોજ્ના ની જોગવાઈ અનુસાર એસેસરી/એટેચમેન્ટ/સ્પેર માટે ચુકવાયેલ કિમત અથવા પ્લાન્ટ અને મશીનરીની કિમતના ૨૦% તે બેમાં જે લઘુતમ હોય તેની મર્યાદામાં ખર્ચ મળવા પાત્ર છે . પ્લાન્ટ અને મશીનરીનાં જરૂરી ઇલેક્ટ્રીકલ ઈન્સ્ટોલેશન નો ખર્ચ મળવા પાત્ર છે. |
| ૪૩ | એકસ્પાન્શન કે ડાઇવર્સીફીકેશન કે મોર્ડનાઇઝેશનમાં ના કિસ્સામાં એક્ક્ષીસ્ટીંગ ગ્રોસ ફિક્સ કેપીટલ કોને ગણાય? | મૂળ બીલ આધારીત પ્લાન્ટ અને મશીનરીમાં કરેલ મુડી રોકાણ ગણતરીમાં લેવાય. |
| ૪૪ | સ્પીનીંગ એકમના યાન ઉત્પાદન સાથે વેસ્ટ પડે છે જેવા કે કોમ્બર, લીકસીન, સ્લેબ વિગેરે સદર વેસ્ટના વેચાણ ઉપરના વેટમાં રેમીશનનો લાભ મળશે? | ના મળે.<br>ફકરા ૫.૫.૧ અનુસાર<br>રાજ્ય કક્ષાની સમિતી માં મંજૂરી મળ્યા બાદ ઉદ્યોગ કમિશ્નરની કચેરી દ્વારા એલીજીબીલીટી સર્ટીફિકેટમાં ઉલ્લેખ હોય તે માલ પરના વેરાનું રેમીશન મળે . |
| ૪૫ | વેટ કન્શેશનનો લાભ મશીનરી રોકાણની ગ્રોસ કિંમત ઉપર મળનાર છે. (મશીનરી બેઝીક કિંમત+ એક્સાઇઝ+ ખરાજાત+ વેટ) વેટ કાયદાની કલમ ૧૧ અન્વયે કેપીટલ ગુડસની ખરીદી ઉપર ITC મળે? | કલમ-૪૦ હેઠળના નોટિફિકેશનનો કલોઝ-(૧૨) મુજબ ટેક્ષ ક્રેડીટ ના મળે. |
| ૪૬ | જુની સ્પીનીંગ અને જીનીંગ હોય એવા મોર્ડનાઇઝેશન એકસ્પાન્શન કરીએ તો બન્નેનો વેટનો બેનીફીટ મળી શકે. | કલમ-૪૦ હેઠળના નોટિફિકેશનન કલોઝ-(૧૮)<br>બંન્ને એક્ટીવીટી સેપરેટ છે. બંન્ને એક્ટીવીટી માટે મોર્ડનાઇઝેશન અને એક્સપાન્શન બે માંથી કોઇ એક માટે વેટનો લાભ મળે. |
| ૪૭ | નવી ટેક્ષટાઇલ પોલીસીમાં સ્પીનીંગના માટે ગાંસડી | કલમ-૪૦ હેઠળના નોટિફિકેશનનો કલોઝ-(૧૦)(૧) |

| | | |
|---|---|---|
| | બહારથી ખરીદેલ હોય તેના ઉપર લગાવેલ વેટ અમોએ પાર્ટીને ચુકવ્યા બાદ પણ વેટ સર્ટિફિકેટમાં બાદ કરવાનો રહેશે કે નહી ? | ની જોગવાઇ મુજબ. આવા વેટનું રીફંડ ચૂકવાતું હોઇ તે મોનીટરી સલીંગમાંથી બાદ થશે. |
| ૪૮ | નવી ટેક્ષટાઇલ પોલીસીનો લાભ લેનાર એકમ વેટ ઉઘરાવશે. તે ગવર્મેન્ટમાં ભરશે નહી. છતાં પણ માલ ખરીદનાર એકમને તે વેટ રીફંડ તરીકે અથવા તો ઇનપુટ ક્રેડીટ (ભરવાની સામે મજરે) મળશે. | કલમ-૪૦ હેઠળના નોટિફિકેશનનો કલોઝ-(૧૯) કલમ-૧૧(૭એ) મુજબ નીચેની વિગતે :-<br>૧. ખરીદનાર એકમ એલીજીબલ યુનીટ થશે તો રીફંડ નહી મળે.<br>૨. ખરીદનાર એકમ રેગ્યુલર હશે તો કલમ-૧૧(૭-એ) મુજબ ટેક્ષ ક્રેડીટ મળશે. |
| ૪૯ | જુના ફેકટરી બીલ્ડીંગને ભાડે લઇને નવી મશીનરી લોન લઇને નવું એકમ સ્થાપવામાં આવે તો, સ્કીમ મુજબનાં લાભો મળે કે કેમ? | હા, |
| ૫૦ | પાંચ વર્ષ માટે ઇલેક્ટ્રીસીટી ડ્યુટી માફીની સ્કીમનો લાભ તમામ પ્રકારના એકમને મળે કે કેમ? | હા, તમામ પ્રકારના નવા એકમને લાભ મળી શકે. |
| ૫૧ | સ્પીનીંગ એકમોમાં ૧ રૂ! ની રાહત ઉપરાંત ઇલેક્ટ્રીસીટી ડ્યુટી માફી મળે કે કેમ? | હા, નવી પોલીસી અંતર્ગત બંન્ને લાભ મળી શકે. |
| ૫૨ | Expansion ના કીસ્સામાં નવી મશીનરીની કિંમતો માટે કોઇ Upper Limit છે કે કેમ? | Expansion માં હયાત મુડી રોકાણ ના ૫૦% કે તેથી વધારે મુડી રોકાણમાં વધારો થવો જોઇએ. અપર લીમીટ નથી. |
| ૫૩ | TUF ની સ્કીમ પ્રમાણેના List મુજબની મશીનરી ના નામ માન્ય ગણવાના છે. મશીનરી સાથે જોડતા ઇલેક્ટ્રીક મોટર-કેબલ-ફાઉન્ડેશનનો સમાવેશ થાય કે કેમ? TUF પ્રમાણે સામાન્ય સમજ મુજબ આવી ૨૦% રકમનો સમાવેશ થાય છે તે સાચું છે? આવા રોકાણ ઉપર કોઇ લાભ મળે કે કેમ તેની સ્પષ્ટતા કરવા વિનંતી. | મશીનરી સાથે જોડતા ઇલેક્ટ્રીક મોટર-કેબલ વિગેરે ઇલેક્ટ્રીફીકેશન ટફ યોજનાની જોગવાઇ મુજબ મળવાપાત્ર છે. મશીનરી ફાઉન્ડેશન મળવાપાત્ર નથી જ્યારે મશીનરી સાથે આવતી એસેસરી/સ્પેર વિગેરે કુલ મશીનરીની કિંમતના ૨૦% અથવા એસેસરી/સ્પેર માટે ચુકવાયેલ કિંમત તે બેમાં જે લઘુત્તમ હોય તે મળવાપાત્ર છે. |
| ૫૪ | લોન મંજૂરી વખતે નાણાંકીય સંસ્થા દ્વારા મંજૂર કરવામાં આવેલ 'પ્રોજેક્ટ' / પ્રોજેક્ટ રીપોર્ટ મુજબના અંદાજો કરતાં ખરેખર રોકાણ/ ઉત્પાદનમાં ફેરફાર આવે તો સ્કીમ મુજબના લાભોને કોઇ અસર થાય કે કેમ? | નાણાંકીય સંસ્થા દ્વારા મંજૂર કરવામાં આવેલ રીપોર્ટના અંદાજ મુજબ કરેલ રોકાણ સુધી લાભ મળી શકે. |
| ૫૫ | કેન્દ્ર સરકારની સ્કીમમાં રાજ્ય સરકારની સ્કીમના લાભો લીધા હોય તો પણ તે જ રોકાણ ઉપર ફરીથી લાભ મળવાપાત્ર છે કે કેમ? | વ્યાજ સહાય યોજનામાં રાજ્ય સરકારની સાથે કેન્દ્ર સરકારની યોજનાનો પણ લાભ મળી શકે. |
| ૫૬ | બે કંપનીઓ (ગ્રુપ) ભેગી થઇને એક પ્રોજેક્ટ કરવા માંગે છે અને બંનેની ફરજો/જવાબદારીઓનું MOU | નવો પ્રોજેક્ટ જે Joint venture તરીકે હોય તેને લાભ મળી શકે. |

| | | |
|---|---|---|
| | કરીને Joint venture પ્રોજેક્ટ કરે તો આ Scheme હેઠળ લાભ મળે કે કેમ? | |
| ૫૭ | ઇન્ટરનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે લાભો મળે તે ઉપરાંત "link" Infrastructure ની સ્કીમના લાભો મળે કે કેમ? (પાર્ક માટે) | Link Infrastructure ના લાભ આ સ્કીમ અંતર્ગત મળી શકે નહી. |